| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK04003717 2025 | | કેસ રજુ તારીખ | ૧૮/૦૬/૨૦૨૫ | | |
| | | કેસ દાખલ તારીખ | ૧૮/૦૬/૨૦૨૫ | | |
| | | ફેસલ તારીખ | ૨૭ /૩ /૨૦૨૬ | | |
| | સત્યમેવ જયતે | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૯ | ૦૯ |

**<u>ડીસાના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ડીસા</u>**

**ફોજદારી કેસ નં. ૨૫૯૮/૨૦૨૫**
**આંક:-૯**

**ફરીયાદી:- શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી:- મહેશભાઈ રમેશભાઈ પ્રજાપતિ**
રહે. પાલનપુર, ત્રણ બત્તી, મીઠી વાવડી
તા.પાલનપુર, જી.બનાસકાંઠા

**ગુનો:- ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ- ૬૬(૧)બી મુજબ.**

------------------------------------

**ફરીયાદી તર્ફે :- વિ.એ.પી.પી.શ્રી.જી.એચ.આલ**
**આરોપી તર્ફે :- વિ.વ. શ્રી. કે.કે.પંચીવાલા**

------------------------------------

**<u>-:(ચુકાદો):-</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ જાહેરમાં ગે.કા. વગર પાસ પરમીટનો દેશી દારુ પી લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવી ગુનો કરેલ છે. જે ગુના અંગેની ફરીયાદ ફરીયાદીએ સબંધીત પો.સ્ટે.માં આપતાં, તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરાવો પડતાં હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) હાલના કામે આરોપી સામે સદર ફરીયાદના આધારે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરતાં. આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિકીલશ્રી મારફતે હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડી **આંક–૩** થી વિગતવારનું તહોમતનામું ઘડી વાંચી સંભાળવેલ છે. ત્યારબાદ આરોપીનું નિવેદન **આંક–૪** થી નોંધેલ છે, જેમાં આરોપીએ તેમના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદરહું કેસ પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલો.

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **અ.નં.** | **દસ્તાવેજોના નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | ત.ક.અ સવિતાબેન ચમનાભાઈ એ.એસ.આઈની જુબાની | ૬ |
| ૨. | ફરીયાદની નકલ | ૭ |
| ૩. | આરોપીની શરીરસ્થિતીના પંચનામાની નકલ | ૮ |

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું સીઆર.પી.સી. કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાતો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો આપવો નથી તેવું મૌખિક રીતે જાહેર કરેલ છે. ત્યારબાદ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે નીચેના મુજબના વિચારણીય મુદાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**મુદા નં.૧ :** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપીએ જાહેરમાં ગે.કા. વગર પાસ પરમીટનો દેશી દારુ પી લથડીયા

ખાતો બકવાસ કરતો મળી આવી ઘી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**<u>મુદા નં.૨</u> :** શું હુકમ?

(૭) ઉપરોકત પ્રશ્નો અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

પ્રશ્ન નં.૧ : નકારાત્મક

પ્રશ્ન નં.૨ : આખરી હુકમ મુજબ.

ઉપરોકત પ્રશ્નોના નિર્ણય અંગે મારા કારણો નીચે મુજબ છે.

**<u>કા ર ણો</u>**

(૮) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે **આંક–૬** થી ત.ક.અ સવિતાબેન ચમનાભાઈ એ.એસ.આઈનો મૌખિક પુરાવો રજુ થયેલ છે તે જોતાં તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદ હકીકત તથા તપાસને અનુરૂપ પુરાવો રજુ કરેલ છે અને તેઓની જુબાનીમાં ફરીયાદની નકલ તથા પંચનામાની નકલ રજુ થયેલ છે.ત્યારબાદ બચાવપક્ષે તેઓની લેવાયેલ ઉલટતપાસ જોતાં તેઓએ એવી હકીકતો સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યાએ ભીડ વાળી જગ્યા છે, ગંધ પારખવાના નિષ્ણાંત નથી,કોઈ વ્યકિત ચીકુ જેવા વઘુ પડતુ સેવન કરે તો પણ પીધેલાની સ્મેલ આવી શકે, કોઈપણ વ્યકિતને વઘુ પડતો ઉજાગરો હોય તો આંખો લાલ થઈ શકે.

(૯) વઘુમાં આ કામે તપાસ કરનાર અમલદારની જુબાનીમાં આરોપીની શરીરસ્થિતીનું પંચનામું રજુ થયેલ છે. પરંતુ આ પંચનામાના કોઈ પંચ સાહેદને તપાસવામાં આવેલ નથી. જેથી આ પંચનામાના પંચ સાહેદ મૌખિક પુરાવાના અભાવે પંચનામાની હકીકત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ માનુ છું.

(૧૦) વધુમાં, એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ–૧૩૪ જોતાં "Number Of Witnesses- No Particular Number of Witnesses Shall in Any Case be Required For the Proof of Any Fact."

(૧૧) ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓના આધારે એવું રેકર્ડ પર આવેલું છે કે, આરોપી આલ્કોહોલિક કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવતાં પોલીસે પંચનામાની વિગતે આરોપીને અટક કરવામાં આવેલા છે પરંતુ આરોપીનીને તબીબી પરીક્ષણ માટે મોકલી આપેલ હોય કે, તબીબશ્રીએ આરોપીના લોહીનો નમુનો લઈ પૃથ્થકરણના હેતુ માટે ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગ શાળા ગાંધીનગરને મોકલી આપેલ હોય, તેવી હકીકત ફરીયાદીના પુરાવા ઉપરથી રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૨) ફરીયાદપક્ષે ઉપરોકત રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આ કામે તપાસ કરનાર અમલદાર કે જે પોલીસ સાહેદ છે તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદ તથા ગુનાની તપાસની હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ કરેલ છે પરંતુ તેઓના પુરાવા ઉપરથી આરોપીનું બ્રેથ એનાલાઈઝર દવારા કોઈ યાંત્રીક પરીક્ષણ કરેલ નથી કે આરોપીનું શરીરમાંથી લોહી લઈ તેનો નમુનો એફ.એસ.એલ ગાંધીનગર મોકલેલ કે કેમ તે હકીકત જણાવતા નથી. આ કામે મેડીકલ ઓફીસર શ્રીનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીને મેડીકલ પરીક્ષણ કરતા મોઢામાંથી દારુ પીવાની ગંધ આવતી હતી કે કેમ ? તેમજ દારુ પીધેલી હાલતમાં મળી આવેલા કે કેમ? તેમજ સદરહું ઈસમના લોહીનો નમુનો લઈને ફોરેન્સીક લ ેબોરેટરીમાં તપાસણી માટે મોકલી આપેલ હોય તો આરોપીના શરીરના જે ભાગમાંથી લોહી લેવાનું હતુ તે જગ્યાને ગરમ પાણીના સ્વોબ થી સાફ કરેલ હતુ કે કેમ તેમજ ગરમ પાણીમાં ૧% જેટલું સ્પીરીટ

નાંખીને જંતુરહિત કર્યા બાદ તે જગ્યાએથી બ્લડ સેમ્પલ લેવામાં આવેલ કે કેમ ? એવી કોઈજ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવવા પાત્ર સબળ, માની શકાય તેવો પુરતો પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોઈ, રજુ થયેલ પુરાવા આધારે આરોપીને આક્ષેપિત ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય નહી તેમ માનું છું.આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતાં આરોપી સામે આક્ષેપાયેલ ગુના નિ:શંક પણે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨અંગે નીચે મુજબ આખરી હુકમ કરું છું.

## -// <u>હુકમ</u> //-

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ-૨૭૧ અન્વયે આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી અન્વયેના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ, જો આ કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવાના,ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૪ ની કલમ-૪૮૧ અન્વયે, આરોપીને જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા રૂા. ૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ-ડીસા<br>
તા.૨૭/૩/૨૦૨૬

(ઉર્મિલા મનુભાઈ આહીર)<br>
એડી.ચીફ જ્યુડીશીયલ.મેજી,ડીસા.<br>
કોડ નં.જીજે.૦૧૪૭૩